


પ્રશ્ન 1 : છાંયાકિત કરેલ ભાગનો અપૂર્ણાંક લખો :



(i)




(ii)




(iii)




(iv)




(v)




(vi)




(vii)



(viii)



(ix)




(x)

ઉકેલ : $(i)\ \frac{2}{4}$ $(ii)\ \frac{8}{9}$ $(iii)\ \frac{4}{8}$ $(iv)\ \frac{1}{4}$ $(v)\ \frac{3}{7}$ $(vi)\ \frac{3}{12}$ $(vii)\ \frac{10}{10}$ $(viii)\ \frac{4}{9}$ $(ix)\ \frac{4}{8}$ $(x)\ \frac{1}{2}$


પ્રશ્ન 2 : છાંયાકિત કરેલ ભાગનો અપૂર્ણાંક લખો :



(i) $\frac{1}{6}$



(ii) $\frac{1}{4}$



(iii) $\frac{1}{3}$



(iv) $\frac{3}{4}$



(v) $\frac{4}{9}$

**પ્રશ્ન 3 :** જો કોઈ ભૂલ હોય તો જણાવો :



$\frac{1}{2}$ $\qquad$ $\frac{1}{4}$ $\qquad$ $\frac{3}{4}$

**ઉકેલ :** અહીં તમામ આકૃતિઓ સમાન ભાગે વહેંચાયેલી નથી.

તેથી, છાયાંકિત કરેલ ભાગ આપેલા અપૂર્ણાંક દર્શાવતા નથી.

પ્રશ્ન 4 : આઠ કલાક દિવસનો કેટલામો ભાગ છે ?

ઉકેલ : આપણે જાણીએ છીએ કે 1 દિવસ = 24 કલાક

તેથી, 8 કલાક $= \frac{8}{24} = \frac{1}{3}$

પ્રશ્ન 5 : 40 મિનિટ એ કલાકનો કેટલામો ભાગ છે ?

ઉકેલ : આપણે જાણીએ છીએ કે 1 કલાક = 60 મિનિટ

તેથી, 40 મિનિટ $= \frac{40}{60} = \frac{2}{3}$

પ્રશ્ન 6 : આર્યા, અભિમન્યુ અને વિવેક ભોજનના ભાગ પાડે છે. આર્યા બે સેન્ડવિચ લઈ આવે છે. એક શાકભાજીની બનેલી અને બીજી જામની બનેલી. બીજા બે છોકરાઓ પોતાનું ભોજન ભૂલી ગયાં. તે રીતે આર્યા તેની સેન્ડવિચ આપવા તૈયાર થાય છે કે જેથી દરેક વ્યક્તિને સમાન સેન્ડવિચનો ભાગ આવે.

(a) આર્યા તેની સેન્ડવિચ કેવી રીતે વહેંચશે કે જેથી બધાંને એકસમાન ભાગ મળે ?

ઉકેલ : આર્યા દરેક સેન્ડવિચના ત્રણ સરખા ભાગ કરશે અને દરેકને દરેક સેન્ડવિચ નો એક એક ભાગ આપશે.

(b) દરેક છોકરાને સેન્ડવિચનો કેટલામો ભાગ મળશે ?

ઉકેલ : $1 \times \frac{1}{3} = \frac{1}{3}$

પ્રશ્ન 7 : કંચન કપડાંને ડાઈ કરે છે. તે **30** કપડાંને ડાઈ કરે છે. તેણીએ **20** કપડાંની ડાઈ કરી લીધી હતી. તો તેણીએ કેટલામાં ભાગના કપડાને ડાઈ કરી ?

ઉકેલ : કુલ કપડાંની સંખ્યા = **30**

ડાઈ કરેલ કપડાંની સંખ્યા = **20**

ડાઈ કરેલ કપડાંની સંખ્યા $= 20 \quad = \frac{20}{30} = \frac{2}{3}$

પ્રશ્ન 8 : 2 થી 12 સુધીની પ્રાકૃતિક સંખ્યાઓ લખો. તેમાંના કેટલામાં ભાગની અવિભાજ્ય સંખ્યાઓ છે ?

ઉકેલ : 2 થી 12 સુધીની પ્રાકૃતિક સંખ્યાઓ નીચે મુજબ છે.

2, 3, 4, 5, 6, 7, 8, 9, 10, 11, 12 એમ કુલ 11 સંખ્યાઓ

2 થી 12 સુધીની અવિભાજ્ય સંખ્યાઓ નીચે મુજબ છે.

2, 3, 5, 7, 11 એમ કુલ 5 સંખ્યાઓ

અવિભાજ્ય સંખ્યાઓ નો ભાગ $= \frac{5}{11}$

પ્રશ્ન 9 : 102 થી 113 સુધીની પ્રાકૃતિક સંખ્યાઓ લખો. તેમાંના કેટલામાં ભાગની અવિભાજ્ય સંખ્યાઓ છે ?

ઉકેલ : 102 થી 113 સુધીની પ્રાકૃતિક સંખ્યાઓ નીચે મુજબ છે.


102, 103, 104, 105, 106, 107, 108, 109, 110, 111, 112, 113 એમ કુલ 12 સંખ્યાઓ

102 થી 113 સુધીની અવિભાજ્ય સંખ્યાઓ નીચે મુજબ છે.

103, 107, 109, 113 એમ કુલ 4 સંખ્યાઓ

અવિભાજ્ય સંખ્યાઓ નો ભાગ $= \frac{4}{12} = \frac{1}{3}$

પ્રશ્ન 10 : આપેલ વર્તુળ જેમાં X છે, એનો અપૂર્ણાંક શું છે ?



ઉકેલ : કુલ વર્તુળની સંખ્યા = 8

X વાળાં વર્તુળની સંખ્યા = 4

તેથી, અપૂર્ણાંક $= \frac{4}{8} = \frac{1}{2}$

પ્રશ્ન 11 : ક્રિસ્ટિનને તેના જન્મદિન પર સી. ડી. પ્લેયર મળ્યું. તેણીએ 3 સીડીઓ ખરીદી હતી અને 5 બીજી ભેટમાં મળી હતી. તેના દ્વારા ખરીદી કરેલ સીડીની સંખ્યા અને ભેટમાં મળેલ સીડીની સંખ્યા કુલ સીડીની સંખ્યાનો ક્યો અપૂર્ણાંક ભાગ છે ?

ઉકેલ : કુલ સીડીની સંખ્યા $= 3 + 5 = 8$

ખરીદેલી સીડીની સંખ્યા $= 3$

ભેટમાં મળેલ સીડીની સંખ્યા $= 5$

તેથી, ખરીદેલી સીડી અપૂર્ણાંકમાં $= \frac{3}{8}$

તેથી, ભેટમાં મળેલ સીડી અપૂર્ણાંકમાં $= \frac{5}{8}$